# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**-----------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# POLITICAL CAMPAIGNING

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે રાજકીય પક્ષના નેતાઓ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અરવલ્લી જિલ્લાના સાઠંબા તાલુકામાં વિકાસ સંકલ્પ સભા સંબોધી લોકો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે શ્રી પટેલે ભાજપના દરેક ઉમેદવારને જંગી બહુમતીથી વિજયી બનાવવા લોકોને અનુરોધ કર્યો હતો.

જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પંચમહાલમાં ઘોઘંબા તાલુકાના પરોલીમાં મેલડી માતાના મંદિરે દર્શન કર્યા બાદ વિશાળ બાઈક રેલીમાં ભાગ લીધો અને જાહેર સભા સંબોધી હતી.

બીજી તરફ, આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ દ્વારકામાં વેરાડ ખાતે ઉમેદવારોના સમર્થનમાં ઘરેઘરે જઈ પ્રચાર કર્યો. જ્યારે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ અમરેલીના વિરપુર ખાતે પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ગ્રામજનો સાથે ખાટલા બેઠક યોજી હતી.

# BOTAD POLICE CHECKING

બોટાદમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ જિલ્લા પોલીસ ફરી એક વાર સક્રિય થઈ છે. ચૂંટણી અને આચારસંહિતાને લઈ ભયમુક્ત અને શાંતિપૂર્ણ માહોલમાં મતદારો મતદાન કરી શકે તેને લઈ જિલ્લા પોલીસ દ્વારા ગુનેગારો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. આ સાથે જ ચેકપોસ્ટમાંથી શહેરમાં આવતા-જતા વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. આ અંગે બોટાદના નાયબ જિલ્લા પોલીસ વડા મહર્ષિ રાવલે વધુ માહિતી આપી.

**(BYTE: MAHARSHI RAVAL, DySP)**

# UMRETH PUBLIC HOLIDAY

આણંદના ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં આગામી 23 એપ્રિલે ઉમરેઠ બેઠકની પેટા-ચૂંટણી નિમિત્તે જાહેર રજા રહેશે. કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રજા જાહેર કરવામાં આવી છે.

મતવિભાગમાં રહેતા અને મતાધિકાર ધરાવતા મતદારોની કચેરી અથવા કામનું સ્થળ તે વિસ્તારની બહાર હોય તેવા કિસ્સામાં આ જાહેર રજા તેમને સીધી રીતે લાગુ નહીં પડે.

# SARVEPALLI RADHAKRISHNAN PUNYATITHI

દેશના પહેલા ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ ડૉક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનની પુણ્યતિથિ નિમિત્તે આજે સમગ્ર રાષ્ટ્ર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ પણ શ્રી રાધાકૃષ્ણનને સાદર વંદન કર્યાં છે.

મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, ડૉક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણને શિક્ષણ દ્વારા સમાજ નિર્માણ અને નૈતિક જીવનના આદર્શ પ્રસ્થાપિત કર્યાં હતા. તેમના ઉચ્ચ વિચારો અને જ્ઞાન પ્રત્યેની નિષ્ઠા આજે પણ કરોડો વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે પ્રેરણાનું ઝરણું બની રહ્યા છે.

# RAJKOT TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી વડોદરા–જામનગર ઇન્ટરસિટી આવતીકાલે અને જામનગર-વડોદરા ઇન્ટરસિટી ટ્રેનને 19 તારીખે રદ કરવામાં આવી છે. જ્યારે સિકંદરાબાદ–રાજકોટ સુપરફાસ્ટ એક્સપ્રેસ 19 તારીખે વડોદરા ડિવિઝનમાં 45 મિનિટ મોડી ચાલશે.

બૂલેટ ટ્રેન પરિયોજના અંતર્ગત ગેરતપુર–અમદાવાદ રેલખંડ પર એક ગર્ડર સ્થાપિત કરવા જરૂરી કામગીરી માટે બ્લોક લેવાશે. તેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી આ ટ્રેનને અસર થશે, તેમ રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ વિભાગીય વાણિજ્યિક મેનેજર સુનિલકુમાર મીનાએ જણાવ્યું.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને પણ સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# IPL CRICKET TODAY MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત જાયન્ટ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે આ મેચ શરૂ થશે. ગુજરાતની ટીમ શુબમન ગિલ અને કોલકાતાની ટીમ અજિંક્ય રહાણેની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

દરમિયાન આજે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવા રાત્રે સાડા 12 વાગ્યા સુધી કાર્યરત્ રહેશે. ગુજરાત મેટ્રો રેલ નિગમ – GMRC દ્વારા આ નિર્ણય કરાયો છે.

# STATE WEATHER FORECAST

રાજ્યમાં આગામી સાત દિવસ ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાનું અનુમાન છે.

દરમિયાન આ 19 તારીખે અમરેલી, ભાવનગર, છોટાઉદેપુર, દાહોદ અને મહીસાગર, 20 તારીખે અમરેલી, ભાવનગર, તાપી અને ડાંગ, જ્યારે 21 તારીખે અમરેલી ભાવનગર, ભરૂચ અને સુરતમાં છૂટાછવાયા સ્થળ પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હોવાનું હવામાન વિભાગની યાદીમાં જણાવાયું છે.